# 9. વન અને વન્યજીવ સંસાધન

## સ્વાધ્યાય

### પ્રશ્ન 1: નીચેના પ્રશ્નોના ઉત્તર સવિસ્તર લખો:

#### (1) જંગલોના પ્રકાર વિશે સવિસ્તર નોંધ લખો.

- [A] વહીવટી હેતુસર જંગલોના 3 પ્રકારો :
- (1) અનામત જંગલો :

→ જે જંગલોને ઈમારતી લાકડું તેમજ વન્ય પેદાશો મેળવવા માટે કાયમી રૂપે સુરક્ષિત કે અનામત રાખવામાં આવેલાં હોય તેને અનામત જંગલો કહે છે.

→ તેમાં વૃક્ષોને કાપવાની, લાકડાં વીણવાની, ખેતી કરવાની કે પશુઓ ચરાણ માટે પ્રવેશ કરવાની મનાઈ હોય છે.

→ આ જંગલો સરકારી તંત્રના સીધા નિયંત્રણમાં હોય છે.

- (2) સંરક્ષિત જંગલો :

→ ત્યાં વૃક્ષોને નુકસાન પહોંચાડ્યા સિવાય લાકડાં વીણવાની, ખેતી કરવાની કે પશુઓ ચરાણની સ્થાનિક લોકોને છૂટ હોય છે.

→ આ જંગલોની દેખભાળ સરકારી તંત્ર દ્વારા થાય છે.

- (3) અવર્ગીકૃત જંગલો :

→ જે જંગલ વિસ્તારો દુર્ગમ અને ગીચ હોવાથી વર્ગીકૃત કરવામાં આવ્યા નથી તેને અવર્ગીકૃત જંગલો કહે છે.

→ તેમાં વૃક્ષોને કાપવા, ખેતી કરવા કે પશુઓ ચરાવવા પર કોઈ પ્રતિબંધ હોતો નથી.

- [B] માલિકી અને વ્યવસ્થાપનની દ્રષ્ટિએ જંગલોનાં 3 પ્રકારો :
- (1) રાજ્યની માલિકીનું જંગલ :

→ આ પ્રકારના જંગલો પર કેન્દ્ર કે રાજ્ય સરકારનું નિયંત્રણ હોય છે.

→ દેશનાં મોટા ભાગમાં જંગલો આ પ્રકારનાં છે.

- (2) સામુદાયિક જંગલ :

→ આ પ્રકારનાં જંગલો પર ગ્રામપંચાયત, તાલુકા પંચાયત, જિલ્લા પંચાયત, નગરપાલિકા, મહાનગરપાલિકા જેવી સ્થાનિક સ્વરાજની સંસ્થાઓનું નિયંત્રણ હોય છે.

- (3) ખાનગી જંગલ :

→ આ પ્રકારના જંગલો વ્યક્તિગત માલિકીનાં હોય છે. આ પ્રકારનાં મોટા ભાગનાં જંગલો ક્ષત – વિક્ષત કે ઉજ્જડ બની ગયાં છે.

→ દેશનાં ઓડિશા, મેઘાલય, પંજાબ, હિમાચલ પ્રદેશ વગેરે રાજ્યોમાં આ જંગલો આવેલાં છે.

Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

## (2) વન-સંરક્ષણના ઉપાયો જણાવો.

- વન-સંરક્ષણ માટેના ઉપાયો નીચે મુજબ છે:
- લાકડાના વિકલ્પે વાપરી શકાય તેવી સામગ્રી માટે સંશોધનો હાથ ધરવાં.
- જ્યાં જરૂરિયાત કે વિકાસ માટે નિર્માણ કાર્ય કરતાં જે વૃક્ષો અનિવાર્યપણે કાપવાં પડે તેની જગ્યાએ નવાં એ જ પ્રજાતિનાં વૃક્ષો વાવવાં જોઈએ.
- અપરિપક્વ વૃક્ષોના કાપવા પર સંપૂર્ણ પ્રતિબંધ મૂકવો જોઈએ.
- જે ઉદ્યોગો જંગલોમાંથી કાચો માલ મેળવે છે તેને ભવિષ્યની જરૂરિયાત સંદર્ભે વનીકરણ માટે ફરજ પાડવી જોઈએ.
- ઈકો–ટુરિઝમના વિકાસના નામે જંગલોની સ્થિતિ ન જોખમાય તે માટે કડક નિયમન કરવું.
- સ્થાનિક લોકોમાં જંગલોના જતન માટે વ્યાપક જનજાગૃતિ કાર્યક્રમોનું આયોજન કરવું.
- શાળા-કૉલેજોમાં શીખવતા પાઠ્યક્રમોમાં આ અંગેની વિગતોનો સમાવવી અને વનસંરક્ષણની વિશેષ જરૂરિયાત સમજાવવી.
- ઘાસચારા અને બળતણની જરૂરિયાત માટે સામાજિક વનીકરણ અને કૃષિ વનીકરણને આયોજનબદ્ધ પ્રોત્સાહક પગલાં ભરી સઘન[પણે વિસ્તારવાં.
- વન–સંસાધનોનો કરકસરભર્યો ઉપયોગ કરવો. કીટકોથી ક્ષતિગ્રસ્ત થયેલાં વૃક્ષોને દૂર કરવાથી અન્ય તંદુરસ્ત વૃક્ષોના વિકાસની પ્રક્રિયા ઝડપી બને છે.
- દાવાનળથી જંગલોને ભારે નુકસાન થાય છે. તેના તાત્કાલિક શમન માટે રાષ્ટ્રીય સ્તરે અલાયદું તંત્ર કે દળ ઊભું કરવું.
- જંગલ ક્ષેત્રોમાં આવેલાં ધાર્મિક સ્થળોએ યોજાતા મેળાઓ, ભંડારા કે પરિક્રમા સમયે પરિવહનની સુવિધા વધતાં અને પ્રવાસ સુગમ થતાં હજારો યાત્રિકો પહોંચે છે. તે સમયે થતા કચરાનો યોગ્ય નિકાલ ન થવાથી જંગલ દૂષિત થાય છે.
- પશુચરાણ માટે અલગ વિસ્તારો રાખવા જોઈએ.

## (3) વન્યજીવોના સંરક્ષણ માટેની વિવિધ યોજનાઓ વર્ણવો.

- વન્યજીવોના સંરક્ષણ માટેની વિવિધ યોજનાઓ નીચે મુજબ છે:
- (1) વાઘ પરિયોજના :

  → અનિયંત્રિત ગેરકાયદેસર થતા શિકાર અને જંગલોના વિનાશને કારણે ભારતમાં વાઘના અસ્તિત્વ માટે બહુ મોટો ખતરો ઊભો થયો હતો.

  → તેથી વાઘની પ્રજાતિને બચાવવાના ઉદ્દેશથી ભારત સરકારે ઈ. સ. 1971માં 'વાઘ પરિયોજના' શરૂ કરી છે.

  → આ પરિયોજના મુજબ વાઘના કુદરતી આવાસોને સુરક્ષિત રાખવા અને તેનું પર્યાવરણીય સંતુલન જાળવવા રાષ્ટ્રીય સ્તરેથી શ્રેણીબદ્ધ પગલાં લેવામાં આવ્યાં.

  → અત્યારે દેશમાં કુલ 44 જેટલાં ક્ષેત્રોમાં આ પરિયોજના કાર્યરત છે.

Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

- (2) હાથી પરિયોજના :
  - → હાથીઓને તેમના કુદરતી રહેઠાણોમાં સંરક્ષણ આપવા અને તેમના સ્થળાંતરના માર્ગોનું સંરક્ષણ કરવાના હેતુથી ભારત સરકારે ઈ. સ. 19192 માં 'હાથી પરિયોજના' શરૂ કરી છે.
  - → આ પરિયોજના અંતર્ગત હાલમાં દેશમાં 26 જેટલા સંરક્ષિત વિસ્તારો છે.
  - → આ યોજનાના અમલ બાદ જંગલોમાં હાથીઓની સંખ્યામાં વધારો છે.
  - → આ યોજના હેઠળ પાલતુ હાથીઓના પાલનપોષણ માટે પણ કામગીરી કરવામાં આવે છે.
- (3) ગેંડા પરિયોજના :
  - → આ પરિયોજના અસમ રાજ્યમાં અને પશ્ચિમ બંગાળના સુંદરવનમાં રહેલા એકશિંગી ગેંડાના સંરક્ષણ માટે બનાવાઈ છે.
  - → ભારત 'રાઇનો વિઝન 2020'ની વ્યૂહરચના મુજબ ભારતમાં ગેંડાની સંખ્યા 3000 સુધી લઈ જવાનો લક્ષ્યાંક રખાયો છે.
- (4) ઘડિયાલ પરિયોજના :
  - → મીઠા પાણીમાં રહેલી ઘડિયાલ નામની મગરોની પ્રજાતિ 1970ના દસકામાં લુપ્ત થવાને આરે હતી.
  - → ઘડિયાલની પ્રજાતિને બચાવવાના હેતુથી ભારત સરકારે આ પરિયોજના શરૂ કરી છે.
- (5) ગીધ પરિયોજના :
  - → ગીધ એ કુદરતનો સફાઈ કામદાર છે.
  - → તે મૃત ઢોરનું માંસ ખાય છે.
  - → ભારતમાં ગીધની કુલ 9 પ્રજાતિઓ છે.
  - → ગીધોની સંખ્યામાં થયેલા અસાધારણ ઘટાડને લીધે ઈ. સ. 2004માં 'ગીધ પરિયોજના' શરૂ કરાઈ છે.
- (6) હિમદીપડા પરિયોજના :
  - → હિમાલયમાં લગભગ 3000 મીટરની ઊંચાઈએ જોવા મળતી હિમદીપડાની પ્રજાતિ બરફમાં રહે છે.
  - → સ્થાનિક લોકોમાં હિમદીપડા વિશે જાણકારી વધે અને તેના સંરક્ષણ માટે જાગૃત થાય તે હેતુથી ભારત સરકાર દ્વારા ઈ. સ. 2000માં હિમદીપડા પરિયોજના શરૂ કરાઈ.
- ઉપર દર્શાવેલી પરિયોજનાઓ ઉપરાંત દેશમાં કાશ્મીરી હંગુલ પરિયોજના, લાલ પાંડા પરિયોજના, મણિપુર થામિલ પરિયોજના, ગંગા ડૉલ્ફિન પરિયોજના વગેરે પરિયોજનાઓ કાર્યરત છે.

## પ્રશ્ન 2: નીચેના પ્રશ્નોના મુદ્દાસર ઉત્તર લખો:

### (1) જૈવ આરક્ષિત ક્ષેત્ર એટલે શું ?

- જૈવ આરક્ષિત ક્ષેત્રની રચના આંતરરાષ્ટ્રીય માપદંડો મુજબ કરવામાં આવે છે.
- જે તે ક્ષેત્રની પ્રાકૃતિક અને સાંસ્કૃતિક વિવિધતાનું સંરક્ષણ કરવાનો હેતુ રહેલો છે.
- તે ક્ષેત્રમાં થતી વનસ્પતિઓ, જીવજંતુઓ, જમીન ઉપરાંત ત્યાં વસતા માનવ સમુદાયોની જીવનશૈલીનું પણ સંરક્ષણ કરાય છે.

Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

- ત્યાં જૈવ વૈવિધ્ય બાબતે **સંશોધન અને પ્રશિક્ષણ** માટે ખાસ સવલતો ઊભી કરાય છે.
- જૈવ આરક્ષિત ક્ષેત્રમાં તમામ પ્રકારની બહારની **માનવીય ગતિવિધિઓ** સંપૂર્ણપણે પ્રતિબંધિત હોય છે.
- આ ક્ષેત્રનો સરેરાશ વિસ્તાર એકંદરે **5000 ચોરસ કિલોમીટરથી વધારે** હોય છે.

### (2) ગુજરાતમાં અગાઉ કયાં કયાં વાઘ જોવા મળતા હતા ?

- ગુજરાતમાં અગાઉ વાઘ **ઈડર, અંબાજી, પંચમહાલ અને ડાંગનાં જંગલોમાં** જોવા મળતા હતા.

### (3) નિર્વનીકરણી અસરો જણાવો.

- નિર્વનીકરણની – જંગલોના વિનાશની – અસરો નીચે પ્રમાણે છે:
- વાતાવરણમાં **કાર્બન ડાયૉક્સાઇડની માત્રા વધે** છે.
- **હરિત ગૃહ પ્રભાવ(ગ્રીન હાઉસ ઈફેક્ટ)**ની અસરો વધારે ઘેરી બને છે.
- વૃક્ષોનું આચ્છાદન દૂર થતાં માટીના ધોવાણથી **ખેતીની ફળદ્રુપતાની** સમસ્યા વધે છે.
- **દ્વીપકલ્પીય ભારતનાં જંગલોમાં** મોટા પાયા પર થયેલ જંગલોના વિનાશને કારણે જંગલોનો વિસ્તાર ઘટ્યો છે.
- વૈશ્વિક **તાપમાનમાં વધારો** થાય છે.
- વરસાદનું પ્રમાણ ઘટ્યું છે.
- દુષ્કાળના પ્રમાણમાં વધારો થયો છે.
- અનેક **વન્ય જીવો નિરાશ્રિત** થાય છે.
- કેટલાક વન્યજીવો લુપ્ત થયાં છે.
- વન્ય જીવો **ખોરાક અને પાણીની** શોધમાં માનવ વસવાટના વિસ્તારોમાં આવી પડે છે.
- માંસાહારી વન્ય જીવો દ્વારા જંગલની નજીકનાં ક્ષેત્રોમાં વસતા પશુપાલકોના પાલતુ પશુઓમાં મારણના બનાવો વધી રહ્યા છે.

### (4) લુપ્ત થતા વન્ય જીવ વિશે નોંધ લખો.

- જે પ્રાણીજાતિનાં છેલ્લા સજીવના મૃત્યુ વિશે લેશમાત્ર શંકા ન રહી હોય એ પ્રાણીજાતિને **'લુપ્ત વન્ય જીવ'** કહેવાય છે.
- આજે અસંખ્ય વન્ય જીવો વિનાશના આરે ઊભેલા છે.
- **ગત સદીની શરૂઆતમાં** વાઘ સમગ્ર ભારતમાં જોવા મળતા હતા. આજે માત્ર **મધ્ય પ્રદેશ, પશ્ચિમ બંગાળ અને હિમાલય ક્ષેત્રનાં** જંગલોમાં જ વાઘ જોવા મળે છે.
- એ સમયગાળામાં ગુજરાતમાં **ઈડર, અંબજી, અને દાંતાના જંગલોમાં** વાઘ હતા. આજે ગુજરાતનાં જંગલોમાંથી વાઘ સંપૂર્ણપણે નષ્ટ થયા છે.
- આજે ભારતનાં જંગલોમાંથી **ચિત્તો** લુપ્ત થઈ ચૂક્યો છે.

Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

- અગાઉ ભારતનાં જંગલોમાં જોવા મળતી પક્ષીઓની અનેક જાતો હવે ભાગ્યે જ જોવા મળે છે.
- ગીધ, ગુલાબી ગરદનવાળી બતક, સારસ, ઘુવડ વગેરે પક્ષીઓ લુપ્ત થવાની તૈયારીમાં છે.
- અરુણાચલ પ્રદેશમાં એક સમયે મોટી સંખ્યામાં જોવા મળતા મોટા ચિલોત્રા ભાગ્યે જ જોવા મળે છે.
- નદીઓનાં મીઠા પાણીમાં જોવા મળતી મગરની પ્રજાતિ ઘડિયાલ અને ગંગેય ડૉલ્ફિન વિનાશના આરે ઊભેલા જીવો છે.
- ઓડિશા અને ગુજરાતના સમુદ્રકિનારે રેતીના તટે ઇંડાં મૂકવા આવતા સમુદ્રી કાચબાઓની સંખ્યા ઘટતી જાય છે.
- ગુજરાતમા નર્મદા, તાપી, મહી અને સાબરમતી નદીઓમાં જલબિલાડી લગભગ લુપ્ત થઈ રહી છે.

## પ્રશ્ન 3: નીચેના પ્રશ્નોના ઉત્તર ટૂંકમાં લખો:

### (1) અભયારણ્ય એટલે શું ?

- જેમના માથે વિનાશનું જોખમ હોય એવા વન્ય જીવોના સંરક્ષણ અને સંવર્ધન માટે સુરક્ષિત કરાયેલા વિસ્તારો 'અભયારણ્યો' તરીકે ઓળખવામાં આવે છે.
- કોઈ એક વિશેષ પ્રજાતિના સંરક્ષણ માટે રાજ્ય સરકાર અભયારણ્યની સ્થાપના કરી શકે છે.
- તેમાં ચોક્કસ મર્યાદામાં માનવ-પ્રવૃત્તિઓને અનુમતિ આપવામાં આવે છે.
- સત્તાધિકારી પાસેથી અનુમતિ મેળવીને અહીં પાલતુ પશુઓને ચારી શકાય છે.

### (2) રાષ્ટ્રીય ઉદ્યાન એટલે શું ?

- કુદરતી વનસ્પતિ, વન્ય જીવો, કુદરતી સૌંદર્યનાં સ્થળો તેમજ મહત્વનાં રાષ્ટ્રીય સ્થળોથી જાળવણી માટેનાં સુરક્ષિત વિસ્તારોને 'રાષ્ટ્રીય ઉદ્યાનો' કહેવામાં આવે છે.
- તે અભયારણ્યની સરખામણીએ વધારે સુરક્ષિત ક્ષેત્ર છે.
- તેમાં એકથી વધારે પરિસ્થિતિકી તંત્ર સમાવિસ્ટ હોય છે.
- તેમાં પાલતુ પશુઓને ચરાવવા પર સંપૂર્ણ પ્રતિબંધ હોય છે.
- અહીં સહેલાણીઓના હરવા ફરવા પર પણ નિયંત્રણ હોય છે.
- તે કોઈ વિશેષ પ્રજાતિ પર કેન્દ્રિત હોતું નથી.
- તેની સ્થાપના રાજ્ય સરકાર અને કેન્દ્ર સરકારના સંકલનથી થાય છે.

### (3) ભારતમાં કયાં કયાં જળપ્લાવિત ક્ષેત્રોમાં યાયાવર પક્ષીઓ શિયાળો ગાળવા આવે છે ?

- ભારતમાં રાજસ્થાનમાં કેવલાદેવ રાષ્ટ્રીય ઉદ્યાન, ભરતપુર અને ગુજરાતના નળ સરોવર જેવા જળપ્લાવિત ક્ષેત્રોમાં યાયવર પક્ષીઓ શિયાળો ગાળવા આવે છે.

Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

પ્રશ્ન 4: નીચેના દરેક પ્રશ્નની નીચે આપેલા વિકલ્પોમાંથી સાચો વિકલ્પ પસંદ કરી ઉત્તર આપો.

(1) ગુજરાતના જંગલોમાંથી લુપ્ત થયેલો વન્યજીવ કયો છે?

(A) ઘૂડખર

(B) રીંછ

(C) વાઘ

(D) દીપડા

(2) સ્થાનિક સ્વરાજની સંસ્થાઓ (ગ્રામ પંચાયત, નગરપાલિકા, મહાનગરપાલિકા, જિલ્લા પંચાયત)નું નિયંત્રણ હોય તે જંગલો ....................

(A) ગ્રામ્ય વનો

(B) અભયારણ્ય

(C) સામુદાયિક જંગલો

(D) ઝૂમ જંગલ

(3) વિશ્વમાં પશુ-પક્ષીઓની કુલ લગભગ કેટલી પ્રજાતિઓ છે?

(A) બાર લાખ

(B) એકવીસ લાખ

(C) સાત લાખ

(D) પંદર લાખ

Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in